**SIR: સાડા ત્રણ માસની કવાયત પૂર્ણ, આખરી મતદાર યાદી પ્રસિદ્ધ**

# રાજ્યમાં 4,40,30,725 મતદાર

**આખરી** યાદીમાં 5.60 લાખ મતદારનો નેટ વધારો

**કુલ** 5,08,43,436 મતદારમાંથી 4,34,70,109 મતદાર પાસેથી ગણતરી ફોર્મ પ્રાપ્ત થયાં

ગાંધીનગરઃ કેન્દ્રિય ચૂંટણી પંચની સૂચના મુજબ તા. 01-01-2026ની લાયકાતની તારીખના આધારે ગુજરાતમાં હાથ ધરાયેલી ખાસ સઘન સુધારણા ઝુંબેશ (SIR)ની સાડા ત્રણ માસ ચાલેલી વ્યાપક પ્રક્રિયા પૂર્ણ થતાં આજ રોજ આખરી મતદાર યાદી પ્રસિદ્ધ કરવામાં આવી છે.

જૈ મુજબ રાજ્યમાં કુલ 4,40,30,725 મતદારો નોંધાયા છે. મુસદ્દા મતદાર યાદી 19 ડિસેમ્બર 2025ના રોજ પ્રસિદ્ધ થયા બાદ 30 જાન્યુઆરી 2026 સુધી હક્ક-વાંધા-દાવાઓ સ્વીકારવામાં આવ્યા હતા. ત્યારબાદ 10 ફેબ્રુઆરી 2026 સુધીમાં તમામ વાંધાઓની સત્યતા ચકાસી નિકાલ કરવામાં આવ્યો હતો. મુસદ્દા યાદી બાદ આખરી યાદીમાં 5.60 લાખ મતદારોનો નેટ વધારો નોંધાયો છે.

મુખ્ય ચૂંટણી અધિકારી ભારતીત શુક્લાએ જણાવ્યું હતું કે રાજ્યના નાગરિકો, ચૂંટણી તંત્ર, રાજકીય પક્ષો અને મીડિયા સહિત તમામના સહયોગથી આ ઝુંબેશ સફળ બની છે. રાજ્યમાં 34 જિલ્લા ચૂંટણી અધિકારી, 182 મતદાર નોંધણી અધિકારી, 855 સહાયક મતદાર નોંધણી અધિકારી અને 50,963 BLOએ ઘરે-ઘરે જઈ ગણતરી ફોર્મ આપવાની અને મતદારોના મેપીંગ-મેચીંગની કામગીરી સુપેરે પાર પાડી હતી. ઝુંબેશ દરમિયાન કુલ 5,08,43,436 મતદારોમાંથી 4,34,70,109 મતદારો પાસેથી ગણતરી ફોર્મ પ્રાપ્ત થયા હતા, મુસદ્દા યાદી પ્રસિદ્ધ થયા પહેલા રાજ્યમાં 5.08 કરોડ મતદારો નોંધાયેલા હતા, જે મુસદ્દા યાદી બાદ 4.34 કરોડ થયા હતા અને હવે આખરી યાદીમાં 4.40 કરોડથી વધુ મતદારોનો સમાવેશ થયો છે.

આખરી મતદાર યાદી તમામ મતદાન કેન્દ્રો અને નિર્ધારીત સ્થળોએ પ્રસિદ્ધ કરવામાં આવી છે. ઉપરાંત મુખ્ય નિર્વાચન અધિકારીની વેબસાઈટ http://ceo.gujarat.gov.in પર પણ યાદી ઉપલબ્ધ કરાવવામાં આવી છે, જ્યાં મતદારો પોતાની વિગતો ચકાસી શકે છે.

### નાગરિકો ફોર્મ નં. 6, 7, 8 દ્વારા જરૂરી સુધારા કરી શકશે

ચૂંટણી તંત્રએ સ્પષ્ટ કર્યું છે કે 18 વર્ષ પૂર્ણ કરનાર યુવાનો ફોર્મ નં. 6 ભરી આગામી સુધારણા દરમિયાન પોતાનું નામ મતદાર યાદીમાં દાખલ કરાવી શકે છે. સતત સુધારણા પ્રક્રિયા હેઠળ નાગરિકો ફોર્મ નં. 6, 7 અને 8 દ્વારા જરૂરી સુધારા કરી શકશે. રાજ્યમાં મતદાર યાદીની ચોક્સાઈ અને પારદર્શિતા સુનિશ્ચિત કરવા હાથ ધરાયેલી આ વિશેષ ઝુંબેશને ચૂંટણી પંચે મહત્ત્વપૂર્ણ સિદ્ધિ ગણાવી છે.

### ગુજરાતના જિલ્લાના મતદારોની અંતિમ યાદી

| | | | |
|---|---|---|---|
| મહેસાણા | 16,22,537 | ગાંધીનગર | 11,95,159 |
| અમદાવાદ | 49,12,548 | રાજકોટ | 20,88,779 |
| જૂનાગઢ | 11,70,409 | અમરેલી | 11,47,200 |
| ભાવનગર | 16,67,945 | બોટાદ | 5,21,977 |
| નર્મદા | 4,39,379 | ભરુચ | 11,02,790 |
| સુરત | 36,39.042 | તાપી | 4,79,665 |
| નવસારી | 9,66,231 | વલસાડ | 11,63,808 |
| ડાંગ | 1,94,653 | વડોદરા | 22,20,095 |

# આજે નાણામંત્રી કનુભાઈ દેસાઈ પાંચમી વખત બજેટ રજૂ કરશે

**અંદાજપત્રનું** કુલ કદ 4.25 લાખ કરોડ સુધી પહોંચવાની શક્યતા

**અર્બન** ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને કોમનવેલ્થ ગેમ્સ પર ફોક્સ



ગાંધીનગર : આવતીકાલે તા. 18 ફેબ્રુઆરીએ ગુજરાત વિધાનસભામાં વર્ષ 2026-27 માટેનું રાજ્યનું સામાન્ય અંદાજપત્ર નાણાં મંત્રી કનુભાઈ દેસાઈ વિધાનસભામાં સતત પાંચમી વખત રજૂ કરશે. સ્થાનિક સ્વરાજ્યની આવનારી ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને આ વખતે બજેટમાં શહેરો અને નગરપાલિકાઓ માટે વિશેષ ફાળવણી થવાની ચર્ચા છે.

બજેટ કદમાં 15% વૃદ્ધિનો અંદાજ છે. ગત નાણાકીય વર્ષ 2025-26માં રાજ્ય સરકારે રૂ. 3,70,250 કરોડનું બજેટ રજૂ કર્યું હતું. છેલ્લા પાંચ વર્ષના આંકડાઓ જોતા રાજ્યના બજેટ કદમાં સતત વૃદ્ધિ નોંધાઈ છે. સૂત્રોના અનુમાન મુજબ આ વખતે અંદાજે 15 ટકાનો વધારો થઈ શકે છે, જેના આધારે 2026-27નું બજેટ કદ લગભગ રૂ. 4.25 લાખ કરોડ સુધી પહોંચી શકે છે.

આ વધારો આશરે રૂ. 55 હજાર કરોડ જેટલો ગણાય છે. વર્ષ 2030માં યોજાનારી કોમનવેલ્થ ગેમ્સને ધ્યાનમાં રાખીને રમતગમત માળખાગત સુવિધાઓ, સ્ટેડિયમ અપગ્રેડેશન, ટ્રાન્સપોર્ટ કનેક્ટિવિટી અને હોટેલ-ટુરિઝમ સેક્ટર માટે વિશેષ નાણાકીય જોગવાઈઓ થવાની શક્યતા છે. ઝડપી શહેરીકરણને અનુરૂપ અર્બન ડેવલપમેન્ટ વિભાગને વધારાનો ફાળો મળવાની શક્યતા વ્યક્ત થઈ રહી છે. નવી મ્યુનિસિપલ કોર્પોરેશનો અને નગરપાલિકાઓ માટે માર્ગ, પાણી પુરવઠો, ગટર વ્યવસ્થા અને સ્માર્ટ સુવિધાઓ માટે મોટા પ્રોજેક્ટ જાહેર થઈ શકે છે.

આ વખતે કોઈ મોટા નવા કર અથવા વ્યાપક કરરાહતની શક્યતા ઓછી દેખાઈ રહી છે. જોકે તમાકુ, પેટ્રોલિયમ પેદાશો, ફટાકડા, પાર્ટી પ્લોટ, સલૂન તથા કેટલીક સેવાઓ પર સેસ લગાડવાના સંકેત મળી રહ્યા છે. આવકના સ્ત્રોતોને સ્થિર રાખવા માટે આવક-વધારાના પસંદગીયુક્ત પગલાં લેવાઈ શકે છે.

**છેલ્લા પાંચ વર્ષનું બજેટ કદ (રૂ. કરોડમાં)**

- 2021-22 - 2,27,029
- 2022-23 - 2,43,964
- 2023-24 - 3,01,021
- 2024-25 - 3,32,465
- 2025-26 - 3,70,250

### સાપુતારા-સ્ટેચ્યુ ઓફ યુનિટી ગ્રીન કોરિડોર માટે 21 ગામની જમીન સંપાદિત થશે

ગાંધીનગરઃ નર્મદા જિલ્લામાં સાપુતારા-સ્ટેચ્યુ ઓફ યુનિટી ગ્રીન કોરિડોર પ્રોજેક્ટ અંતર્ગત 21 ગામોની જમીન સંપાદિત થનાર છે, તેવું વિધાનસભામાં પ્રશ્નના લેખિત જવાબમાં નર્મદા વિકાસ મંત્રીએ જણાવ્યું હતું.

31મી ડિસે. 2025ની સ્થિતિએ સંપાદક સંસ્થાની દરખાસ્ત મુજબ કુલ 21 ગામની 21-74-28 હેક્ટર-આર-ચોરસ મીટર જમીન સંપાદિત કરવામાં આવશે. જમીન સંપાદન પ્રક્રિયામાં પેસા એક્ટ મુજબ ગ્રામસભાની સહમતિ મેળવવાની કામગીરી હાલ પ્રગતિમાં છે.

વધુમાં કુલ 21 ગામમાંથી 18 ગામ માટે 'વાજબી વળતર અને પારદર્શિતાનો અધિકાર અધિનિયમ-2013'ની કલમ 10(ક) હેઠળ જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. બાકીના ગામોમાં પ્રક્રિયા ચાલુ છે. પ્રોજેક્ટ અમલમાં આવતા દક્ષિણ ગુજરાતના પ્રવાસન અને કનેક્ટિવિટીને વેગ મળશે, તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

**મતદારોની સંખ્યામાં મોટો ઘટાડો નોંધાયો**

# સુરત જિલ્લામાં 12.34 લાખ મતદાર ઘટ્યા, કુલ 36.39 લાખ

**SIR** કામગીરી બાદ આખરી મતદાર યાદી પ્રસિદ્ધ, અગાઉ 48.73 લાખ મતદાર હતા

સુરતઃ ભારતના ચૂંટણી પંચ દ્વારા દર વર્ષની જેમ ૧લી જાન્યુઆરીની લાયકાતની તારીખે મતદાર યાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ હેઠળ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર ડો.સૌરભ પારધીએ પત્રકાર પરિષદ દ્વારા આખરી મતદારયાદી હક્ક-દાવા અને વાંધા અરજીઓનો સંબંધિત મતદાર નોંધણી અધિકારીઓ દ્વારા નિયમાનુસાર આખરી નિર્ણય કરીને આજે સુરત જિલ્લામાં સમાવિષ્ટ તમામ 16 વિધાનસભા મતવિભાગોની મતદારયાદીઓની આખરી પ્રસિદ્ધિ કરવામાં આવી છે. આજે આખરી પ્રસિદ્ધ મતદાર યાદીમાં ૧૮,૮૩,૩૮૧ પુરુષ મતદારો અને ૧૭,૫૫,૫૬૮ સ્ત્રી મતદારો તથા ૯૩ ત્રીજી જાતિના મતદારો મળીને કુલ ૩૬,૩૯,૦૪૨ મતદારનો સમાવેશ થાય છે.

### વિધાનસભા પ્રમાણે નવા મતદારો

| વિધાનસભા | પુરુષ | મહિલા | કુલ |
|---|---|---|---|
| ઓલપાડ | 190584 | 176729 | 367315 |
| માંગરોળ | 103433 | 102023 | 205457 |
| માંડવી | 111993 | 116883 | 228876 |
| કામરેજ | 224667 | 198985 | 423655 |
| સુરત પૂર્વ | 86771 | 84142 | 170928 |
| સુરત ઉત્તર | 61245 | 57383 | 118634 |
| વરાછા | 74472 | 65717 | 140192 |
| કરંજ | 54907 | 46424 | 101335 |
| લિંબાયત | 111365 | 97285 | 208661 |
| ઉધના | 88345 | 77540 | 165895 |
| મજૂરા | 101554 | 95023 | 196581 |
| કતારગામ | 126414 | 112774 | 239189 |
| સુરત પશ્ચિમ | 108577 | 10573 | 214315 |
| ચોર્યાસી | 226859 | 202819 | 429699 |
| બારડોલી | 110386 | 108516 | 218912 |
| મહુવા | 101809 | 107589 | 209398 |
| કુલ | 18,83,381 | 17,55,568 | 36,39,042 |

### કરંજમાં સૌથી ઓછા મતદારો, માત્ર 1.01 લાખ સાથે તળિયે

જિલ્લામાં સૌથી ઓછી મતદાર સંખ્યા કરંજ વિધાનસભામાં નોંધાઈ છે. અહીં કુલ 1,01,335 મતદારો છે, જેમાં 54,907 પુરુષ અને 46,424 મહિલા મતદારોનો સમાવેશ થાય છે. ત્યારબાદ સુરત ઉત્તર (1,18,634) અને વરાછા (1,40,192) બેઠકોમાં પણ ઓછી સંખ્યા નોંધાઈ છે.

### 18 વર્ષની વયના નવા 21,954 મતદાર નોંધાયા

SIRના ફાઈનલ ડ્રાફ્ટ રોલમાં જિલ્લાના 16 વિધાનસભા વિસ્તારમાં કુલ 36,23,193 મતદાર છે. જેમાં 1,01,578 મતદાર નવા ઉમેરાયા છે. જ્યારે 85,734 મતદાર કમી થયા છે. આમ મતદારોની સંખ્યામાં નેટ ૧૫,૮૪૯ વધારો થયો છે. જેમાં ૧૮-૧૯ વર્ષ વયજૂથના ૨૧,૯૫૪ યુવાઓની, જ્યારે ૨૦-૨૯ વર્ષ વયજૂથના ૧૩,૧૦૫ નાગરિકોની મતદાર તરીકે નોંધણી કરવામાં આવી છે.

### માંડવી અને મહુવામાં પુરુષ કરતાં મહિલા મતદારો વધુ

ઘણી બેઠકોમાં પુરૂષ મતદારોની સંખ્યા વધુ છે, પરંતુ માંડવી અને મહુવા જેવી બેઠકોમાં મહિલા મતદારો પુરૂષોથી વધુ નોંધાયા છે. મહુવામાં કુલ 2,09,398 મતદારો છે, જેમાં 1,07,589 મહિલા અને 1,01,809 પુરૂષ મતદારોનો સમાવેશ થાય છે. આ આંકડા દર્શાવે છે કે જિલ્લામાં મતદાર નોંધણીમાં લિંગાનુપાત નોંધપાત્ર રીતે સંતુલિત છે.

### ચોર્યાસી રાજ્યની સૌથી મોટી બેઠક, છતાં 1.85 લાખ મતદારો ઘટ્યા

જિલ્લાની 16 વિધાનસભા બેઠકોમાં ચોર્યાસી બેઠક હજી પણ રાજ્યની સૌથી મોટી વિધાનસભા ગણાય છે. ચોર્યાસીમાં કુલ 4,29,699 મતદાર નોંધાયા છે. જો કે અગાઉની સરખામણીએ અહીં 1.85 લાખ જેટલા મતદારો ઘટ્યા હોવાનું સામે આવ્યું છે. ચોર્યાસીમાં પુરૂષ મતદારો 2,26,859 અને મહિલા મતદારો 2,02,819 છે. ચોર્યાસી બાદ કામરેજ બેઠકમાં 4,23,655 મતદારો છે, જેમાં 2,24,667 પુરૂષ અને 1,98,985 મહિલા મતદારોનો સમાવેશ થાય છે. ઓલપાડમાં કુલ 3,67,315 મતદારો નોંધાયા છે, જેમાં પુરૂષ 1,90,584 અને મહિલા 1,76,729 છે.

### સુમુલની ચૂંટણી અને સીમાંકનનો નિર્ણય 21 ફેબ્રુઆરીએ જાહેર થાય તેવી શક્યતા

સુરતઃ ત્રણ વિકમાં સીમાંકનની પ્રક્રિયા પૂર્ણ કરી સુમુલ ડેરીની વ્યવસ્થાપક કમિટીની ચૂંટણી કરાવવા ગુજરાત હાઈકોર્ટના આદેશ મુજબ 21 મી ફેબ્રુઆરીએ મુદત પૂરી થઈ રહી છે.એ જોતાં સુમુલની ચૂંટણી અને સીમાંકન મામલે કલેક્ટર 21 ફેબ્રુઆરીએ નિર્ણય જાહેર કરે એવી શક્યતા છે. ગયા સપ્તાહે સુરત જિલ્લા કલેક્ટર સૌરભ પારધી એ સીમાંકનની પ્રક્રિયા કરવા તજવીજ હાથ ધરી હતી. કલેકટરે દિવસ દરમિયાન બે વાર સુમુલ ડેરીના અધિકારીઓને ડોક્યુમેન્ટ,ડેટા સાથે તેડાવ્યા હતા. સુમુલ ડેરીમાં અત્યારે સુરત અને તાપી જિલ્લાના અગાઉના 16 તાલુકા મૌજ 16 બેઠક છે.સુમુલ ડેરીના પેટા નિયમમાં એવી સ્પષ્ટ જોગવાઈ છે કે," વાર્ષિક 5 લાખ લિટર દૂધ ઉત્પાદન કરનાર મંડળીઓના તાલુકાને જ પ્રતિનિધિ મતદાનનો અધિકાર મળે છે.એવી જ રીતે વ્યક્તિ પ્રતિનિધિ માટે 700 લિટર દૂધ ઉત્પાદનની જોગવાઈ છે. નવા બનેલા તાલુકાઓમાં 5 લાખ લિટર દૂધ સંપાદન થતું નથી.

**19 RDX IED બ્લાસ્ટ કરવાની વાત**

# રાજ્યભરની કોર્ટોને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી

**અમદાવાદ**, વડોદરા, ગાંધીનગર, મહેસાણા અને વલસાડની અદાલતમાથી કંઇ જ શંકાસ્પદ નહીં મળ્યું

ગાંધીનગરઃ અમદાવાદ અને વડોદરાની શાળાઓમાં ધમકીભર્યા ઈ-મેઈલ બાદ અમદાવાદ સહતિ અનેક શહેરોની કોર્ટોને નિશાન બનાવતા ધમકીભર્યા ઈ-મેલ મળતા રાજ્યભરમાં ચકચાર મચી જવા પામી છે. આજે વહેલી સવારે અમદાવાદ, વડોદરા, ગાંધીનગર, મહેસાણા અને વલસાડની કોર્ટોમાં બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતા સુરક્ષા એજન્સીઓ એક્શનમાં આવી ગઈ હતીં. પોલીસે કોર્ટ સંકુલ ખાલી કરાવી સઘન તપાસ હાથ ધરી હતી. અમદાવાદ ગ્રામ્ય કોર્ટને સવારે 4.07 કલાકે મળેલા ઈ-મેલમાં કોર્ટ પરિસરમાં 19 RDX IED બ્લાસ્ટ કરવાની ધમકી આપવામાં આવી હતી. ધમકીભર્યા ઈ-મેલમાં લંચ બ્રેક દરમિયાન વિસ્ફોટ કરવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. જેના પગલે પોલીસ સહિત સુરક્ષા એજન્સીઓનો કાફલો તરત જ સ્થળ પર પહોંચી કોર્ટ પરિસર ખાલી કરાવી સઘન તપાસ હાથ ધરાઈ હતી. તેવી જ રીતે મહેસાણા, ગાંધીનગર, વડોદરા, વલસાડ જિલ્લા કોર્ટમાં ધમકીભર્યા ઈ-મેલને પગલે તાત્કાલિક કોર્ટ બિલ્ડિંગ ખાલી કરાવી કડક ચેકિંગ શરૂ કરાયું હતું. ખાસ કરીને ગાંધીનગરમાં વિધાનસભા ચાલુ હોવાથી તેમજ આજે કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ ગાંધીનગરમાં હોવાથી ગાંધીનગર કોર્ટમાં ખાસ સર્ચ ઓપરેશન હાથ ધરાયું હતું. રાજ્યમાં જે કોર્ટોમાં ધમકીભર્યો ઈ-મેલ આવ્યો છે તે તમામ કોર્ટ પરીસરમાં બોમ્બ સ્ક્વોડ અને ડોગ સ્ક્વોડ દ્વારા ખૂણે-ખૂણે તપાસ કરવામાં આવી હતી. સઘન તપાસના અંતે કોઈ શંકાસ્પદ વસ્તુ મળી આવી ન હતી. તેમ છતાં સાવચેતીના ભાગરૂપે તમામ કોર્ટ પરિસરોમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવાયો હતો.

### ધોરણ 10-12ની બોર્ડની પરીક્ષાની હોલ ટિકિટ શાળાઓ ડાઉનલોડ કરી શકશે

ગાંધીનગરઃ ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ 10 અને 12ની પરીક્ષાઓ આગામી 26 ફેબ્રુઆરી 2026થી શરૂ થનાર છે. આ પરીક્ષા માટેની હોલ ટિકિટ શાળાઓ દ્વારા બોર્ડની વેબસાઈટ પરથી ડાઉનલોડ કરી શકાશે. ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડના સચિવ આર.આર. વ્યાસે જણાવ્યું હતું કે, ધોરણ 10 અને 12ની બોર્ડની પરીક્ષાઓ 26મી જાન્યુઆરીના રોજથી શરૂ થનાર છે. આ પરીક્ષા માટે પરીક્ષાર્થીઓના પ્રવેશ પત્ર હોલ ટિકિટ શાળાઓ દ્વારા બોર્ડની વેબસાઈટ પરથી શાળાનો ઈન્ડેક્સ નંબર, શાળાનો નોંધાયેલો મોબાઈલ નંબર, અથવા ઈમેઈલ આઈડી દ્વારા લોગીન કરી ડાઉનલોડ કરી શકાશે. આ પ્રવેશ પત્રની પ્રિન્ટ કાઢી પરીક્ષાર્થીના ફેબ્રુઆરી 26 પરીક્ષાના આવેદન પત્ર મુજબના વિષય માધ્યમની ખરાઈ કરી નિયત કરેલી જગ્યાએ પરીક્ષાર્થીનો ફોટો ચોંટાડી પરીક્ષાર્થીની સહી, પરીક્ષાર્થીના વર્ગ શિક્ષકની સહી, તેમજ આચાર્યના સહી સિક્કા સાથે પરીક્ષાર્થીઓને આપવાની રહેશે.

## અનુસંધાન... પાના છેલ્લાનું

**DGGIના દરોડાથી...**

પોતાને ત્યાં જીએસટી તપાસનો રેલો આવે કે પહેલાં શટરો પાડી દીધા હતા અને સુરતભરનાં કેટલાંક જવેલરીની દુકાન-શોરુમ ધરાવનારામાં ભાગદોડ મચી ગઈ હતી.

**રાજ્યસ્તરે ચમક્યું...**

જ્યારે નીરજ પરતાનીએ 99.9897 પર્સન્ટાઈલ સાથે શહેરમાં બીજો ક્રમ મેળવી પોતાની મહેનતને સિદ્ધિમાં ફેરવી છે. આ વર્ષે માત્ર ટોપર્સ જ નહીં, પરંતુ અનેક શાળાઓના વિદ્યાર્થીઓએ 90+ અને 99+ પર્સન્ટાઈલ મેળવી શહેરના શૈક્ષણિક માળખાને મજબૂત બનાવ્યું છે. આ પરિણામો દર્શાવે છે કે સુરતમાં હવે ફક્ત કોચિંગ નહીં, પરંતુ પરિવારનો સપોર્ટ, સ્વનિયંત્રણ અને લાંબા ગાળાની તૈયારી સફળતાનો આધાર બની રહ્યા છે. આ વર્ષે JEE મેઈન સેશન-1માં સુરતના વિદ્યાર્થીઓએ માત્ર ક્રમ મેળવ્યો નથી, પરંતુ મહેનત, શિસ્ત અને સ્ટ્રેટેજીથી 'સક્સેસ કલ્ચર' ઊભું કર્યું છે.

**શહેરની શાળાઓનો...**

- » ભુલકા વિહાર સ્કુલઃ 35માંથી 18 વિદ્યાર્થીઓ 90+ PR; પટેલ રુદ્ર (99.51%) અને વાલાણી જિનાંગ (99.34%) મોખરે.
- » મૌની ગ્રુપ ઓફ સ્કુલઃ 16 વિદ્યાર્થીઓ 90+ PR અને 33 વિદ્યાર્થીઓ 85+ PR; રૂપારેલીયા દિશાંક 98.55 PR સાથે આગળ.
- » જે.બી.એન્ડ કાર્પો વિદ્યાસંકુલઃ ધોરણ-12 સાયન્સના 25માંથી 12 વિદ્યાર્થીઓ 90+ PR.

**સ્મીમેરની બેઠક...**

છે. મહત્ત્વપૂર્ણ બાબત એ છે કે સ્મીમેર હોસ્પિટલ અને મેડિકલ કોલેજ પાછળ દર વર્ષે અંદાજે રૂ. 300 કરોડ જેટલો ખર્ચ થતો હોવાનું મનપાના સૂત્રો જણાવે છે. સુરતના કરદાતાઓના પૈસે ચાલતી આ સંસ્થામાં આટલો વિશાળ ખર્ચ થવા છતાં તેનો સીધો લાભ માત્ર આશરે 70 જેટલા સુરતના વિદ્યાર્થીઓને જ મળે છે, જ્યારે બાકીની બેઠકો પર બહારના જિલ્લાઓ અને રાજ્યોના વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવી રહ્યા છે. હકીકતમાં, પાલિકાએ આ સંસ્થા સુરતના વિદ્યાર્થીઓને મેડિકલ ક્ષેત્રે વધુ તક મળે તે હેતુથી શરૂ કરી હતી, પરંતુ હાલની સ્થિતિ એ હેતુથી વિરુદ્ધ હોવાનું માનવામાં આવે છે. વર્ષ 2010-11 દરમિયાન આ મુદ્દો દેશની સર્વોચ્ચ અદાલત સુધી પહોંચ્યો હતો. સુપ્રીમ કોર્ટે તે સમયે મેડિકલ કાઉન્સિલ ઓફ ઇન્ડિયા દ્વારા મંજૂર 100 બેઠકમાંથી 70 ટકા બેઠક સુરતના સ્થાનિક વિદ્યાર્થીઓ માટે ફાળવવાની દિશા સ્પષ્ટ કરી હતી. ગુજરાત હાઈકોર્ટમાં પણ આ મુદ્દે સુનાવણી થઈ હતી અને સ્થાનિક હિતમાં નિર્ણય આવ્યો હતો. સ્પષ્ટ ગણતરી મુજબ, જો કુલ 250 બેઠકો છે તો ઓછામાં ઓછા 170થી 180 બેઠક સુરતના વિદ્યાર્થીઓને મળવી જોઈએ. છતાં વાસ્તવિકતા એ છે કે માત્ર આશરે 70 બેઠક જ સુરતના વિદ્યાર્થીઓને ફાળવાઈ રહી છે. 80 લાખથી વધુ વસ્તી ધરાવતા જિલ્લામાં મ્યુનિસિપલ ખર્ચે ચાલતી મેડિકલ કોલેજમાં સ્થાનિક વિદ્યાર્થીઓનો હિસ્સો માત્ર 28 ટકા હોવો એ શરમજનક પરિસ્થિતિ ગણાય. સુરતના કરદાતાઓના પૈસે ઊભી થયેલી સંસ્થા જો સુરતના વિદ્યાર્થીઓને ન્યાય ન આપી શકે, તો પછી "લોકલ બોડી"તરીકે મનપાની નૈતિકતા પર જ પ્રશ્નચિહ્ન ઊભું થાય છે.

**વેન્ચૂરા એરકનેક્ટની...**

ઉદ્યોગપતિઓના માર્ગદર્શન હેઠળ વર્ષ 2014થી વેન્ચુરા એરલાઈન્સ સેવા કોઈપણ અડચણ વિના ચાલી રહી હતી, પણ 31 ડિસેમ્બર 2025 પછી આ સેવાને બ્રેક લાગી હતી.

વેન્ચુરા એરકનેક્ટ છેલ્લા 11 વર્ષથી સુરત-અમદાવાદ, સુરત-ભાવનગર, સુરત-રાજકોટ અને સુરત-અમરેલી વચ્ચે દૈનિક હવાઈ સેવા પૂરી પાડી રહી છે. 9 સીટર વિમાનોની આ સેવાનો અત્યાર સુધીમાં 2 લાખથી વધુ પેસેન્જરો લાભ લઈ શક્યા છે.

આ વિમાનોમાં 9 મુસાફર સાથે 2 પાઈલોટ ઉડાન ભરે છે. સેક્ટર પ્રમાણે મુસાફરીનો સમય સુરતથી ભાવનગર અંદાજે 30 મીનિટ, સુરતથી અમરેલી 45 મિનિટ, જ્યારે સુરતથી અમદાવાદ તથા સુરતથી રાજકોટ આશરે 60 મિનિટનો રહે છે.

વેન્ચુરા એરકનેક્ટને તાજેતરમાં ઓર્ગન ડોનેશનના કેસમાં માનવ અંગો એક શહેરથી બીજા શહેર સુધી ઝડપી પહોંચાડવા માટે મેડિકલ મંજૂરી મળી છે. આ મંજૂરી બાદ એરક્રાફ્ટ મારફતે ઓર્ગન ટ્રાન્સફરની સેવા સફળતાપૂર્વક શરૂ કરવામાં આવી છે, જે ગુજરાત ઉપરાંત અન્ય રાજ્યોમાં પણ ઉપલબ્ધ રહેશે. આ સેવાનો મુખ્ય ઉદ્દેશ્ય તાત્કાલિક સ્થિતિમાં દર્દીઓને સમયસર અંગો ઉપલબ્ધ કરાવી માનવજીવન બચાવવાનો છે. આ પહેલ હેઠળ ઉપયોગમાં લેવાતું વિમાન VT-DEV એટલે કે 'દેવ વિમાન' તરીકે ઓળખાય છે, જે નામ મુજબ દેવદૂત બનીને જીવ બચાવવાનું કાર્ય કરી રહ્યું છે.

વેન્ચુરા એરલાઈન્સ દ્વારા તાજેતરમાં એક લક્ઝુરીયસ, ઝડપી અને સુરક્ષિત 8 સીટર ચાર્ટર્ડ વિમાન Pilatus PC-12 સેવામાં ઉમેરવામાં આવ્યું છે. આ વિમાન સ્વિટ્ઝરલેન્ડની પ્રખ્યાત કંપની Pilatus Aircraft દ્વારા બનાવવામાં આવ્યું છે. આ ચાર્ટર્ડ સેવાનો લાભ લઈને મુસાફરો પોતાની અનુકૂળતા મુજબ સુરતથી નિર્ધારિત સ્થળે જઈ શકે છે, જે ઈમરજન્સી અને કોર્પોરેટ મીટિંગો માટે વિશેષ લાભરૂપ બનશે.

**ગુજરાતમાં હવે...**

મર્યાદા 5 કલાકથી વધારીને 6 કલાક કરાઈ છે. તેમજ ત્રણ મહિનામાં ઓવરટાઈમની મહત્તમ મર્યાદા 125 કલાકમાંથી વધારીને 144 કલાક કરાઈ છે. મંત્રીશ્રીએ જણાવ્યું કે ઉત્પાદકતામાં વધારો થવાથી વેપારીઓના નફામાં વધારો થશે અને કર્મચારીઓની આર્થિક સુખાકારીમાં પણ વધારો થશે.

મહિલા શ્રમયોગીની સંમતિ હોય અને સંસ્થા દ્વારા આરામ રૂમ, શૌચાલય, સુરક્ષા વ્યવસ્થા, જાતીય સતામણી સામે રક્ષણ અને નિવાસસ્થાને લાવવા-લઈ જવાની વ્યવસ્થા ઉપલબ્ધ હોય તો મહિલાઓને રાત્રે 9થી સવારે 6 વાગ્યા દરમિયાન કામ કરવાની મંજૂરી આપવામાં આવશે. કામના સ્થળે મહિલાની ગરિમા, સુરક્ષા અને સલામતી જળવાઈ રહે તે માટે કાયદામાં સ્પષ્ટ જોગવાઈ કરવામાં આવી છે.

**ધાર્મિક ટ્રસ્ટ હેઠળ...**

વિવિધ વર્ગોને આકર્ષવા માટે બજેટમાં સુવિધાઓ અને ગ્રાન્ટના પ્રસ્તાવોનો સિલસિલો આગળ પણ ચાલુ રહી શકે છે. શહેરના નાગરિકોમાં એક તરફ રાહતોને લઈ સંતોષની લાગણી છે તો બીજી તરફ આ જાહેરાતો ચૂંટણીને કેન્દ્રમાં રાખીને કરવામાં આવી રહી હોવાની ચર્ચા પણ ગરમાઈ છે. હવે મનપા દ્વારા ઘડાતી નીતિ અને તેની અમલવારી કેવી રીતે થાય છે તે જોવાનું રહ્યું. સ્થાયી સમિતિ દ્વારા બજેટમાં સિનિયર સિટિઝનો અને વિધવા મહિલાઓને બીઆરટીએસ બસમાં મફત મુસાફરી, મિલકતવેરામાં માફી આપવા માટેની જાહેરાત કરી છે. છેલ્લા બે-ત્રણ મહિનાથી ભાજપ શાસકો દ્વારા મનપાની ચૂંટણીને ધ્યાને રાખી અનેકવિધ રાહતો શહેરીજનોને આપવામાં આવી રહી છે. હવે ધાર્મિક ટ્રસ્ટ સાથે સંકળાયેલ સંસ્થાઓને પણ પાયાની પ્રાથમિક સુવિધા ઉપલબ્ધ કરાવવા ગ્રાન્ટ ફાળવવાનો વિશેષ આયોજન બજેટમાં સૂચવાયું છે. ધાર્મિક ટ્રસ્ટ હેઠળ રજિસ્ટર્ડ સંસ્થાઓને એપ્રોચ રોડ, પથ્થર, પેવિંગ, લાઈટ, પાણી, ગટર તેમજ વોટર કુલર, સોલાર પેનલ ઈન્સ્ટોલ કરવા માટે વર્ષ ૨૦૨૬-૨૭ના બજેટમાં ૨૫ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે.



# ઓલપાડ તાલુકામાં ખેતીની સિંચાઈ માટે પાણીની અછત

**ડાંગર**, શેરડી અને શાકભાજીના પાકો નિષ્ફળ જવાની ભીતિ : દર્શન નાયક

સુરતઃ સુરત જિલ્લાના ઓલપાડ તાલુકામાં વર્તમાનમાં સિંચાઈ માટે પૂરતા પ્રમાણમાં પાણી ન મળતા તેમના ડાંગર, શેરડી અને શાકભાજીના પાકોની નિષ્ફળતાની ભીતિ વ્યાપી છે.

આ મુદ્દે ખેડૂત સમાજ ગુજરાતના પ્રમુખ જયેશભાઈ પટેલ, સહકારી અને ખેડૂત આગેવાન દર્શનભાઈ નાયક, દક્ષિણ ગુજરાતના પ્રમુખ રમેશભાઈ પટેલ, અજીતસિંહ દોડીયા, હિતેશભાઈ પટેલ, કેતન દેસાઈ સહિતના ખેડૂત આગેવાનોએ આજે સુરત સિંચાઈ ભવન ખાતે કાકરાપાર જમણા કાંઠા નહેર વિભાગના કાર્યપાલાક ઈજનેરને રૂબરૂ મળીને આ અંગે વિગતવાર રજૂઆત કરી હતી.

દર્શનભાઈ નાયક દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, 'સહકારી સંસ્થાઓ માં દિવસે - દિવસે કાચા માલનો પુરવઠો ઘટી રહ્યો છે. જો તત્કાલ સિંચાઈ માટે પૂરતું પાણી ખેડૂતો ને આપવામાં આવશે નહીં તો સુગર મિલો માટે શેરડી અને સહકારી મંડળીઓ માટે ડાંગર પૂરતા પ્રમાણમાં મળી શકશે નહીં.

**આ ગામોને અસરઃ** સાંધીયેર, કીમ, સોંસક, ઓરમાં, સરસ, કુવાદ, કૂદીયાણા, અટોદરા,વડોલી,અણીતા,ઉમરાછી, કાછોલ, વેલુક, સેલૂત, ભાડૂત, પીંજરત, તેના, કરંજ, પારડી ઝાંખારી, મદ્રોઈ, કમરોલી, કુંભારી.

# સુરત વડોદરા સેક્શનમાં આજે અને કાલે બ્લોક

**બ્રિજ** નં. ૫૫૧ પર ગર્ડર બદલવાની કામગીરીને કારણે હરિદ્વાર-બાંદ્રા અને નવજીવન સહિતની ટ્રેનો મોડી પડશે

સુરતઃ પશ્ચિમ રેલવેના વડોદરા ડિવિઝન પર મુસાફરી કરતા પ્રવાસીઓ માટે મહત્વના સમાચાર સામે આવ્યા છે.

સુરત-વડોદરા સેક્શન પર બ્રિજ નંબર ૫૫૧ના જિર્ણોદ્ધારની કામગીરી હાથ ધરવામાં આવનાર હોવાથી રેલવે પ્રશાસન દ્વારા આગામી બે દિવસ માટે ટ્રાફિક બ્લોક જાહેર કરવામાં આવ્યો છે. સ્ટીલ ગર્ડરને હટાવી પીએસસી (PSC) ગર્ડર બેસાડવાની ટેકનિકલ કામગીરીને કારણે અપ અને ડાઉન બંને લાઈન પર ટ્રેનોના શિડ્યુલ ખોરવાશે.

રેલવે વિભાગના જણાવ્યા અનુસાર, ૧૮ ફેબ્રુઆરીએ 'અપ' લાઈન અને ૧૯ ફેબ્રુઆરીએ 'ડાઉન' લાઈન પર અંદાજે ૩.૩૦ કલાકનો બ્લોક રહેશે, જેને પગલે ઘણી ટ્રેનોને અસર થશે.

### ૧૮ ફેબ્રુઆરી (અપ લાઇન બ્લોક)

હરિદ્વાર - બાંદ્રા ટર્મિનસ (૧૯૦૨૦): ૧૭ ફેબ્રુઆરીએ ઉપડનારી આ ટ્રેન ૧૮મીએ વડોદરા ડિવિઝનમાં ૨૦ મિનિટ મોડી પડશે. દાહોદ - વલસાડ ઇન્ટરસિટી (૧૯૦૧૨): ૧૮ ફેબ્રુઆરીએ ઉપડતી આ ટ્રેન વડોદરા ડિવિઝનમાં ૧૦ મિનિટ માટે રોકી રાખવામાં આવશે.

### ૧૯ ફેબ્રુઆરી (ડાઉન લાઇન બ્લોક)

ચેન્નાઈ - અમદાવાદ નવજીવન એક્સપ્રેસ (૧૨૬૫૬): ૧૮ ફેબ્રુઆરીએ ઉપડનારી આ ટ્રેન ૧૯મીએ વડોદરા ડિવિઝનમાં ૪૦ મિનિટ રેગ્યુલેટ થશે. બાંદ્રા ટર્મિનસ - જબલપુર સ્પેશિયલ (૦૯૭૨૪): ૧૯ ફેબ્રુઆરીએ ઉપડતી આ ટ્રેન પણ વડોદરા ડિવિઝનમાં ૪૦ મિનિટ મોડી દોડશે.

### 8મી માર્ચે ઉધનાથી રક્સૌલ વચ્ચે સ્પેશિયલ ટ્રેન દોડાવાશે

સુરતઃ ટ્રેન નં. ૦૫૫૬૦ ઉધના-રક્સૌલ સ્પેશિયલ 8 માર્ચ, 2026 ના રોજ ઉધના સ્ટેશનથી બપોરે ૩:૩૫ વાગ્યે ઉપડશે અને ત્રીજા દિવસે ૦૦:૧૫ વાગ્યે રક્સૌલ પહોંચશે. ટ્રેન નંબર ૦૫૫૫૯ રક્સૌલ - ઉધના સ્પેશિયલ 7 માર્ચ, 2026 ના રોજ રક્સૌલથી ૦૫:૩૦ વાગ્યે ઉપડશે અને બીજા દિવસે ૧૨:૩૫ વાગ્યે ઉધના પહોંચશે. આ ટ્રેનમાં ફર્સ્ટ એસી, સેકન્ડ એસી, થર્ડ એસી, સ્લીપર અને સેકન્ડ ક્લાસ જનરલ કોચ રહેશે. આ ટ્રેનમાં માટે બુકિંગ આવતી કાલથી શરૂ થઈ જશે.

# બિહારની વિશેષ ટ્રેનોના ફેરા વધ્યા

**હોળીના** પર્વમાં મુસાફરોના વધતા ધસારાને ખાળવા નિર્ણય, સુરત અને અમદાવાદથી ઉપડતી ટ્રેનો માર્ચના અંત સુધી દોડશે

સુરતઃ આગામી હોળીના પર્વને ધ્યાનમાં રાખીને વતન જનારા મુસાફરોના ધસારાને પહોંચી વળવા માટે પશ્ચિમ રેલવે દ્વારા સુરત અને અમદાવાદથી ઉપડતી ત્રણ લોકપ્રિય સ્પેશિયલ ટ્રેનોના સંચાલન અવધિમાં વધારો કરાયો છે, જેનાથી મુસાફરોને કન્ફર્મ ટિકિટ મેળવવામાં રાહત થશે. વડોદરા ડિવિઝનના જનસંપર્ક અધિકારી અનુભવ સક્સેનાએ યાદી જાહેર કરી આવી છે. આ લંબાવવામાં આવેલા ફેરા માટેનું બુકિંગ આવતીકાલે એટલે કે ૧૮ ફેબ્રુઆરી, ૨૦૨૬થી શરૂ થશે. મુસાફરો રેલવેના તમામ PRS કાઉન્ટર અથવા IRCTCની સત્તાવાર વેબસાઈટ પરથી પોતાની ટિકિટ બૂક કરાવી શકશે. હોળીના તહેવારમાં ઉત્તર ભારત તરફ જતા મુસાફરોની સંખ્યામાં દર વર્ષે મોટો વધારો જોવા મળે છે, ત્યારે રેલવેના આ નિર્ણયથી ખાસ કરીને શ્રમિક વર્ગ અને વતન જતા પ્રવાસીઓને મોટી સુવિધા મળી રહેશે.

**આ ટ્રેનોની સંચાલન અવધિમાં વધારો કરાયો**

સુરત - છાપરા સ્પેશિયલ (૦૯૦૬૫): આ ટ્રેન હવે ૩૦ માર્ચ, ૨૦૨૬ સુધી દોડશે.

અમદાવાદ - દરભંગા સ્પેશિયલ (૦૯૪૬૫): આ ટ્રેનના ફેરા ૨૭ માર્ચ, ૨૦૨૬ સુધી લંબાવવામાં આવ્યા છે.

અમદાવાદ - પટણા સ્પેશિયલ (૦૯૪૪૭): આ ટ્રેન હવે ૨૫ માર્ચ, ૨૦૨૬ સુધી સેવામાં ઉપલબ્ધ રહેશે.